દઢ-નિર્ધાર પયગંબરો

તમામ પયગંબરો મૂળભૂત ગુણોમાં સમાન હોવાની સાથે અમુક, બીજાઓ પર શ્રેષ્ઠતા ધરાવે છે. તેમાંથી કેટલાકને પ્રચાર-પ્રસારના માર્ગમાં અસાધારણ મુશ્કરેલીઓનો સામનો કરવો પડ્યો, જેનો તેમણે હિંમતપૂર્વક સામનો કર્યો તેમજ દઢતા અને નિર્ધારની સાથે પોતાના સ્થાને અડગ અને અટલ રહ્યા. બધી મુસીબતોને હસતા-હસતા સહન કરી, અલ્લાહના માર્ગમાં જિહાદ (તનતોડ સંઘર્ષ) કર્યો. આ જ રસૂલોને અલ્લાહ તઆલાએ 'દઢ-નિર્ધાર' રસૂલોના ખિતાબથી નવાજ્યા. ફરમાવ્યું :

﴿ وَأَنذِرْ عَشِيرَتَكَ الْأَقْرَبِينَ ﴾ الشعراء: ٢١٤

અનુવાદ : ''બસ, (હે પયગંબર !) તમે એવું ધૈર્ય દાખવો, જેવું ધૈર્ય ઉચ્ચતમ્ હિંમત ધરાવનાર રસૂલોએ દાખવ્યું.'' (સૂરઃ અહકાફ, આ.૩૫)

ઉચ્ચતમ્ દઢ-નિર્ધાર પયગંબરો આ પ્રમાણે છે : હઝરત મુહમ્મદ ﷺ, હઝરત ઈબ્રાહીમ ﷺ, હઝરત નૂહ ﷺ, હઝરત મૂસા ﷺ, હઝરત ઈસા ﷺ.

પયગંબરો પર ઈમાન નો અનિવાર્ય તકાદો એ છે કે આપણે તેમને આ ગુણોથી સુશોભિત સમજીએ. રસૂલોનું આવા ગુણોમાં પરિપૂર્ણ અને સુસજ્જ હોવું તેમના રિસાલત (ઈશદૂતત્વ)ના હોદ્દાની અદાયગી માટે બધી રીતે આવશ્યક છે. તેમને ત્રુટિ અને ખામીથી પર અને પવિત્ર પણ સમજીએ. જો તેમનામાં આવી ત્રુટિઓ અને ખામીઓ હોય તો તેઓ અલ્લાહના બંદાઓ માટે નમૂનો અને અનુકરણીય દષ્ટાંત નથી બની શકતા. એક એવો વ્યક્તિ, જે લોકો સાથે સાંસારિક મામલાઓમાં જૂઠ બોલી શકતો હોય, ખોટી રજૂઆત કરી શકતો હોય, વાણી અને વર્તનમાં વિરોધાભાસી આચરણ કરી શકતો હોય અને પોતાની વાતથી ફરી શકતો હોય, તો એવા વ્યક્તિથી શું આશા કરી શકાય છે કે તે અલ્લાહ વિશે જૂઠ નહીં બોલે, ખોટી રજૂઆતથી કામ નહીં લે. આ સંદર્ભમાં હઝરત મુહમ્મદ ﷺ વિશે રોમના બાદશાહ હિરકલનો રસદાયક પ્રસંગ હદીસના પુસ્તકોમાં ઉલ્લેખિત છે. જ્યારે હિરકલને ખબર પડી કે આરબ પ્રદેશમાં એક નબી (પયગંબર)નું આગમન થયું છે, તો તેણે આરબ વેપારીઓને બોલાવી મંગાવ્યા. સંયોગથી (હઝરત) અબૂ સુફિયાન (رضي الله عنه), જેઓ તે વખતે ઈમાન નહોતા લાવ્યા, તેમાં હાજર હતા. હિરકલે અબૂ સુફિયાનને પૂછ્યું : શું તેઓ લોકો સામે જૂઠ પણ બોલે છે ? અબૂ સુફિયાને જવાબ આપ્યો કે ના. હિરકલે કહ્યું કે જે લોકો સામે જૂઠ નથી બોલતો તે અલ્લાહની સાથે જૂઠનું આચરણ નથી કરી શકતો. નબી વાસ્તવમાં ધરતી પર અલ્લાહનો પ્રતિનિધિ હોય છે, જાતે બની બેસેલો નેતા કે આગેવાન નથી હોતો, બલ્કે તે અલ્લાહ તરફથી નિયુક્ત હોય છે. તેના આચાર-વિચાર અને વાણી-વ્યવહાર સત્ય અને અસત્ય માટે કસોટી તથા તેની જાત ભલાઈ અને બૂરાઈમાં ભેદ કરવાનું માપદંડ હોય છે. તેના આજ્ઞાપાલન અને અવજ્ઞા પર જન્નત અને જહન્નમના નિર્ણયનો આધાર હોય છે. વિચારવાની વાત એ છે કે

www.uzaifalani.com

માનવ-જાત માટે આટલું દૂરંદેશ અને અંતિમ પરિણામ, જે જાતથી સંબંધિત હોય તેના સાથે નાનકડી ખામીનું જોડાવું કેટલો સંગીન મામલો છે.

નબી અને તેના ગુણો પર ઈમાન ને આપણે હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ ના એ પ્રસંગથી સારી રીતે સમજી શકીએ છીએ, જ્યારે રસૂલુલ્લાહ ﷺ એ મક્કાવાસીઓને કહ્યું કે હું રાતોરાત મક્કાથી બૈતુલ-મકદિસ ગયો અને પાછો આવી ગયો, તો મક્કાના કાફિરો દોડતાં-દોડતાં હઝરત અબૂબક્ર ﷺ પાસે આવ્યા. તેમનું એવું માનવું હતું કે અબૂબક્ર બૈતુલ-મકદિસ જઈ ચૂક્યા છે, મક્કાથી બૈતુલ-મકદિસ જવામાં એક મહિનો અને પાછા આવવામાં એક મહિનો લાગે છે, વળી તેઓ કેવી રીતે મુહમ્મદના આ દાવાની પુષ્ટિ કરી શકે છે ? બૂમો પાડતાં એ વિચારથી ખુશ હતા કે આજે મુહમ્મદને તેમના જ સાથી દ્વારા જૂઠા સાબિત કરી શકાશે. તેઓ અબૂબક્ર ﷺ ની પાસે પહોંચ્યા અને આખો પ્રસંગ સંભળાવ્યા પછી પૂછ્યું કે શું આવું શક્ય છે ? હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ એ જરા પણ સંકોચ કર્યા વગર એમ કહી દીધું કે જો મુહમ્મદ ﷺ કહે છે, તો સાચું છે. બુદ્ધિની પહોંચથી દૂર અદશ્ય સચ્ચાઈઓને રદ કરવું અથવા તેના વિશે શંકા કરવી, જો તે વાસ્તવમાં રસૂલથી સાબિત હોય તો તે રિસાલત પર ઈમાનના વિરુદ્ધ છે.

પયગંબર વિશે એવું માનવું પણ ખોટું છે કે તેમણે કેટલીક વાતો કોઈ વિશેષ લોકોને જ બતાવી છે અથવા કેટલીક વિદ્યાઓ છે, જે છુપી રીતે વિશેષ લોકો માટે ખાસ અને સીમિત છે. આવું સમજવું વાસ્તવમાં નબી પર મિથ્યા આરોપ મૂકવું છું. નબી સત્યને છુપાવવાનું આચરણ કરી શકતો નથી. જો આવું છે, તો તે દીન નથી. રસૂલુલ્લાહ ﷺ એ હજ્જતુલ-વિદાઅના પ્રવચનમાં બધા લોકોને પૂછ્યું હતું :

أَلاَ هَلْ بَلَّغْتُ " قَالُوا نَعَمْ. قَالَ " اللَّهُمَّ اشْهَدْ " .((متفق عليه))

અર્થાત્, શું મેં તમને દીન પહોંચાડી દીધો ? તો લોકોએ કહ્યું : હા, પહોંચાડી દીધો. રસૂલુલ્લાહ ﷺ એ તેના પર અલ્લાહને સાક્ષી બનાવતાં ફરમાવ્યું : હે અલ્લાહ ! તું પણ સાક્ષી રહેજે. (મુત્તફિક અલયહિ)

—●—

www.uzaifalahi.com